જામનગર મહાનગરપાલિકા
જામનગર

:: જાહેરનામુ ::

શહેર વિસ્તારના જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓને કારણે ઉદભવતી ટ્રાફિક સમસ્યા, ગંદકી અને અકસ્માતને કારણે બનતા મૃત્યુના કેસોના બનાવોને કારણે રખડતા પશુઓના ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલિસી–૨૦૨૩ ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક : UDUHD/MSM/E-file/18/2022/7207/p/section Dt.21-08-2023 તથા જામનગર શહેરમાં સદર પોલિસીના અમલીકરણ અર્થે જામનગર મહાનગરપાલિકા, જનરલ બોર્ડ ઠરાવ નં.૨૯ તા.૨૬/૧૦/૨૦૨૩ થી મંજુરી મળેલ છે. જેનું અમલીકરણ તા.૦૧/૦૪/૨૦૨૪ થી શરૂ કરવાનું હોઈ, પશુમાલિકો / પશુપાલકોને જાહેર નોટીસ આપી નીચે મુજબ સુચિત કરવામાં આવે છે.

(૧) જામનગર મહાનગરપાલિકા હદ વિસ્તારના જે પશુઓની નોંધણી કરાવી તેમજ RFID Microchips-Visual Ear Tag લગાવવાની બાકી હોય, તેવા પશુઓને તા.૦૧/૦૪/૨૦૨૪ થી પશુ દીઠ રૂા.૨૦૦/– ભરી પશુ નોંધણી કરાવી, પશુઓમાં RFID Microchips-Visual Ear Tag લગાવવાની કામગીરી ૨ (બે) માસમાં પશુ માલિકે ફરજીયાત કરાવી લેવાની રહેશે.

(૨) ત્યારબાદ બીજા ૨ (બે) માસ દરમ્યાન પશુ નોંધણી તથા RFID Microchips-Visual Ear Tag લગાવવાનો ચાર્જ પશુ દીઠ રૂા.૧૦૦૦/– વસુલવાની જોગવાઈ રહેશે.

(૩) જાહેરનામા પ્રસિધ્ધ થયાના ૪ માસ પછી જો કોઈપણ પશુને RFID Microchips-Visual Ear Tag લગાવેલ નહી હોય અથવા લાયસન્સ / પરમીટ લીધેલ નહી હોય તો તેવા પશુઓને પકડી ઢોર ડબામાં પુરવામાં આવશે.

(૪) જે પશુમાલિક વ્યકિતગત ધોરણે (૫ પશુઓની મર્યાદા) પોતાના ઉપયોગ માટે પશુ રાખે તેઓએ ૩ (ત્રણ) વર્ષની પરમીટ માટેના રૂા.૨૫૦/– ભરવાના રહેશે તથા જે પશુમાલિક પશુઓ રાખી પશુઓના દૂધના વ્યવસાય (૫ પશુઓથી વધુ) અથવા અન્ય વ્યવસાય માટે ઉપયોગ કરતા હોય, તેઓએ ૩ (ત્રણ) વર્ષ માટેના રૂા.૫૦૦/– ભરી, આમ લાયસન્સ/ પરમીટ માટે દિન–૧૨૦ માં સંબંધિત કચેરી ખાતે / જામનગર મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર નિયત પુરાવાઓ રજુ કરી અરજી કરવાની રહેશે.

(૫) લાયસન્સ / પરમીટની મુદત ૩ (ત્રણ) વર્ષ પૂર્ણ થવાની હોઈ તેના એક માસ પહેલા નિયત પુરાવાઓ સાથે અરજી સહ ઉપરોકત જણાવ્યા મુજબની રીન્યુઅલ ફી ભરી લાયસન્સ / પરમીટ રીન્યુ કરવાની રહેશે.

(૬) પશુઓના લાયસન્સ / પરમીટની મુદત પૂર્ણ થયા બાદ રીન્યુઅલ ફી રૂા.૧૦૦૦/– પ્રતિ માસ મુજબ લેટ ફી વસુલવામાં આવશે.

(૭) જો કોઈ પશુ માલિક / પશુ પાલક શહેરની બહારથી નવા પશુ શહેરમાં લાવે તો તેમણે ૧ માસમાં પશુની નોંધણી કરાવી, RFID Microchips-Visual Ear Tag લગાવવાની તથા પરમીટ/લાયસન્સ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

(૮) જે પશુમાલિક પાસે પશુઓ રાખવા માટે પોતાની જગ્યા ન હોય તો તેઓએ હવેથી શહેરમાં પશુ રાખી શકશે નહી. તેઓએ તેઓના પશુઓને શહેર બહાર તેઓના સ્વખર્ચે શિફટ કરી દેવાના રહેશે. અન્યથા આવા પશુઓને પકડીને ઢોર ડબા ખાતે પુરવામાં આવશે. જરૂરી જણાયે કેટલ પોલીસી તથા અન્ય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૯) પકડાયેલા પશુઓ છોડાવવા માટે હવે નોંધણી નંબર ફરજીયાત રહેશે.

(૧૦) જન્મ થયેલ તપાસ પશુઓની ૨(બે) માસની અંદર નોંધણી કરાવી લેવાની રહેશે.

(૧૧) વેંચાણ થયેલ પશુઓનું રજીસ્ટ્રેશન તેમજ મરણ પામેલ પશુઓની તથા પશુઓને શહેર બહાર લઈ જવા માટેની જાણ દિન–૭ (સાત) માં જામનગર મહાનગરપાલિકા, કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડીપાર્ટમેન્ટ ખાતે બિનચૂક કરવાની રહેશે.

(૧૨) રખડતા પશુ પકડવાની કામગીરી દરમ્યાન ટીમની આસપાસ કરતા બાઈકર્સ / ઈસમો જેવો સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરે છે. તે બદલ તેઓ વિરૂધ્ધ પોલિસ ધ્વારા તેઓની અટકાયત કરી જરૂરી ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૧૩) વારંવાર પશુઓને રખડતા મુકતા પશુ માલિકોને હેબીચ્યુઅલ ઓફેન્ડર્સ તરીકે પ્રસ્થાપિત કરી પોલિસ વિભાગ તરફથી જરૂરી ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૪) પશુ માલિક ધ્વારા તેઓના પશુને રખડતુ મુકવા બદલ નાગરિકોને થતી ઈજા કે તેઓનું મૃત્યુ અંગેની સંપૂર્ણ જવાબદારી પશુ માલિકની રહેશે.

(૧૫) કોઈપણ વ્યકિત / સંસ્થાએ પોતાની જગ્યામાં ઘાસચારાનું વેચાણ કરવા માટે પ્રવર્તમાન કાયદા / નિયમો અંતર્ગત લાયસન્સ / પરવાનગી મેળવવાની રહેશે.

(૧૬) ઘાસચારાના વેંચાણના ગોડાઉન / દુકાનના લાયસન્સ માટે કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડીપાર્ટમેન્ટ ખાતે / ઓન લાઈન અરજી ૨ (બે) માસમાં કરવાની રહેશે. સદર લાયસન્સની મુદત ૧ વર્ષ માટે અને ફી રૂા.૨૫૦/– રહેશે. મુદત પૂર્ણ થયે ૧ માસ અગાઉ રીન્યુઅલ કરાવી લેવા ફી રૂા.૨૫૦/– ભરવાની રહેશે.

(૧૭) ઘાસચારા લાયસન્સની મુદત પૂર્ણ થયા બાદ રીન્યુઅલ ફી રૂા.૧૦૦૦/– પ્રતિ માસ મુજબ લેટ ફી વસુલવામાં આવશે.

(૧૮) કોઈપણ વ્યકિત શહેરમાં જાહેર સ્થળ, રોડ ઉપર, ફુટપાથ ઉપર કોઈપણ સંજોગોમાં ઘાસચારો વેંચાણ કરી શકશે નહી.

(૧૯) જાહેરમાં ઘાસચારો વેંચાણ કરવા બદલ ઘાસચારો જપ્ત કરી, જાહેરનામા ભંગની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૦) પાંજરાપોળ/ ગૌશાળા / મંદિર જેવી સંસ્થાઓ કે જે પબ્લીક ચેરીટેબલ એકટ હેઠળ નોંધાયેલ હોય અથવા આ પ્રકારની સરકારી માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ પશુઓનું નિઃશુલ્ક રજીસ્ટ્રેશન અને તે અનુસંધાને લાયસન્સ / પરમીટ મેળવવા તેમજ લાયસન્સ / પરમીટ ફી માંથી મુકિત મેળવવા નિયત પુરાવાઓ સાથે સંબંધિત વહીવટી વોર્ડ કચેરી ખાતે / જામનગર મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર અરજી કરવાની રહેશે.

ઉપરોકત સુચનાઓ પોલિસીની અમલવારીના ભાગરૂપે પશુમાલિકો / ગૌશાળા / પાંજરાપોળ / ઘાસચારાના વિક્રેતાની જાણ અને તેના અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેની સર્વે સંબંધકર્તાઓને નોંધ લેવા જણાવવામાં આવે છે.

આ હુકમ જામનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં લાગુ પડશે.

આજરોજ તા.૨૫/૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી કરી / સિકકો કર્યો.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા